# ચીની સરહદ ઉપર ૪૦૦૦૦ જવાનો તૈનાત

નવી દિલ્હી,તા.૧

ચીનની વધતી જતી લશ્કરી ક્ષમતાની ભારતે પણ ગંભીર નોંધ લીધી છે અને આના માટે તૈયારીઓ પણ હાથ ધરી છે. મળેલી માહિતી મુજબ સરકારે પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ચીની સરહદ ઉપર ૪૦૦૦૦ જવાનો તૈનાત કરવાની તૈયારી હાથ ધરી છે. સુરક્ષા અંગેની કેબિનેટ સમીતિ ટૂંક સમયમાં જ ચીની સરહદ ઉપર માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ ઊભી કરવા સૈનાની દરખાસ્તને લીલીઝંડી આપે તેવી શક્યતા છે. સીસીએસની મંજૂરી હવે ઔપચારિકતા તરીકે રહી છે. કારણ કે સરંક્ષણ મંત્રાલયે નાણામંત્રાલય દ્વારા ઊભા કરવામાં આવેલા ચોક્કસ પ્રશ્નો અંગે અંતિમ સ્પષ્ટીકરણ આપી દીધા છે. બંને મંત્રાલયો વચ્ચે હવે કોઈપણ પ્રકારના મતભેદ પણ દેખાઈ રહ્યા નથી. આવનાર દિવસોમાં ભારતીય સૈના વધુ સંખ્યામાં જવાનો ચીની સરહદ ઉપર તૈનાત કરશે. હાલમાં જ સરહદ ઉપર બંને દેશો આમને સામને આવી ગયા હતા. ચીની સૈનિકોએ ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી લીધી હતી. સરંક્ષણ મંત્રાલય નાણાંમંત્રાલયો સામે કોઈ વાંધા ઉઠાવે તેવી શક્યતા ખૂબ ઓછી છે. ચીન સાથેની ઉત્તર પૂર્વીય સરહદ ઉપર લશ્કરી ક્ષમતા વધારવાની હિલચાલ હાથ ધરવામાં આવી ચૂકી છે. સમગ્ર ૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭)માં ૬૨૦૦૦ કરોડનો ખર્ચ સ્ટ્રાઈકીંગ કોર્પ ઉપર થાય તેવી શક્યતા છે. સેનાએ માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ ઊભી કરવાની દરખાસ્ત ઊભી કરી છે. આ ઉપરાંત બે સ્વતંત્ર ઇન્ફેન્ટરી બ્રિગેડ અને બે સ્વતંત્ર આર્મર્ડ બ્રિગેડ ઊભી કરવાની દરખાસ્ત ઊભી કરી છે. ચીન સાથેની વાસ્તવિક અંકુશ રેખા ઉપર ઓપરેશનલ ગેપને દૂર કરવાની આ રણનીતિ છે. સાથે સાથે આક્રમક ક્ષમતા ઊભી કરવાની પણ આ યોજના છે. ભારતે છેલ્લા દશકમાં ચીની સેના અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પહોંચવાના નજીક પહોંચવાના હાથ ધર્યા છે. હવે આ દિશામાં પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી છે. નવી ફોર્મેશનની રચના કરવાથી કુલ ૮૧૦૦૦ કરોડનો ખર્ચ ૧૨મી પંચવર્ષીય યોજવામાં થશે. જો કે સમગ્ર માળખાના કેટલાક ભાગ ૧૩મી યોજના દરમિયાન આવરી લેવામાં આવશે.સૂચિત માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પમાં ૪૦૦૦૦ જવાનો રહેશે અને પશ્ચિમ બંગાળમાં પાનાગઢ ખાતે હેડક્વાર્ટર રહેશે. આનાથી ભારતની ક્ષમતામાં અનેકગણો વધારો થશે. ચીની હુમલાના કેસમાં ટીએઆરમાં




પ્રક્રિયા ઝડપી બની જશે. આ જવાનો પાસે ઝડપી પ્રતિક્રિયા માટે બે ડિવિઝન રહેશે. ભારતે વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦માં આસામમાં લેખપાની અનો અન્ય એક વિસ્તારમાં બે નવી ઇન્ફેન્ટ્રી ડિવિઝન ઊભી કરી હતી. અરુણાચલ પ્રદેશના રક્ષણના હેતુસર આ ડિવિઝન ઊભી કરવામાં આવી હતી. ચીનની વધતી લશ્કરી ક્ષમતાને ધ્યાનમાં લઈને ભારતે ચીનની સરહદ ઉપર ફાઈટર ક્ષમતા અને તેની મિસાઈલ ક્ષમતા વધારી છે. ચીની સરહદ ઉપર ભારતીય જવાનો જવાબ આપવા માટે તૈયારી કરી ચૂક્યા છે.

## નક્સલવાદીઓની સાથે ચર્ચા યોગ્ય નથી : દેવડા

નવી દિલ્હી,તા. ૧

કેન્દ્રીય પ્રધાન મુરલી દેવડાએ કહ્યું છે કે સરકારે નક્સલવાદીઓ સાથે વાતચીત કરવી જોઈએ નહીં. દેવડાએ કહ્યું છે કે નક્સલવાદીઓ ખૂબ જ ખરાબ રીતે આતંકવાદીઓ જેવું વર્તન કરી રહ્યા છે જેથી તેમની સાથે વાતચીત કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. મુરલી દેવડાએ કહ્યું હતું કે નક્સલવાદીઓની સમસ્યાને દૂર કરવા માટે આક્રમક અને વ્યાપક સુરક્ષા અભિયાન હાથ ધરવાની જરૂર છે. દેવડાએ છત્તીસગઢમાં કોંગ્રેસના નેતાઓ ઉપર કરવામાં આવેલા હુમલાઓની વ્યાપક ટીકા કરતા કહ્યું હતું કે નક્સલી અસરગ્રસ્ત વિસ્તારોમાં વિકાસની કામગીરી સ્થાનિક લોકોને ધ્યાનમાં લઈને હાથ ધરવામાં આવે તે જરૂરી છે. નક્સલવાદીઓની વિચારધારા તરફ આ રીતે આકર્ષિત ન થાય તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ. દેવડાએ કહ્યું હતું કે નક્સલવાદીઓ સાથે વાતચીત કરવાથી કોઈ સમસ્યાનો ઉકેલ આવશે તેમ તેમને લાગતું નથી જેથી વાતચીત કરવાનો કોઈ હેતુ નથી. તેમને ઉમેર્યું હતું કે દેશની સામે હથિયારો ઉઠાવી રહેલા નક્સલવાદીઓનો કઠોર પગલાં મારફતે નિકાલ લાવવો જોઈએ. લશ્કરી ઓપરેશન હાથ ધરવાની પણ પરોક્ષ રીતે વાત કરી હતી. હથિયારો મૂકીને ચર્ચામાં આવે તો જ તેમની સાથે વાતચીત થવી જોઈએ.

## પાંચ રાજ્યોમાં લઘુમતિઓ માટે કોલેજ શરૂ કરવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧

યુપીએ સરકાર વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા વધુ એક મોટું પગલું લેવા જઈ રહી છે. મળેલી માહિતી મુજબ સરકાર લઘુમતીઓ માટે ૫૦ ટકા અનામતની સાથે પાંચ યુનિવર્સિટી સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. પાંચ રાજ્યોમાં મુસ્લિમ અને ખ્રિસ્તી વસ્તી ધરાવતા વિસ્તારોમાં આ યુનિવર્સિટી શરૂ કરવામાં આવશે.

લઘુમતી બાબતોના પ્રધાન કે રહેમાનને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અનામત માટે સામાજિક-આર્થિક પછાતપણાને વધારે મહત્વ આપવામાં આવશે. તેમને સ્પષ્ટતા કરી હતી કે લઘુમતીઓને ધાર્મિક લઘુમતીઓ સાથે બાંધછોડ કરવી પડશે નહીં. બંધારણની કલમ ૧૫ અને ૧૬માં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમને પણ મહત્વ આપવામાં આવશે. જે રાજ્યોમાં લઘુમતીઓ માટે ૫૦ ટકા અનામત સાથે પાંચ યુનિવર્સિટી શરૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે તેમાં ઉત્તર પ્રદેશ, કર્ણાટક, બિહાર, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ ઉત્તર પ્રદેશમાં કેન્દ્ર સરકાર યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીના મત વિસ્તાર રાઈબરેલીમાં યુનિવર્સિટી સ્થાપિત કરવા માગે છે જ્યારે અન્ય એક યુનિવર્સિટી કર્ણાટકમાં શ્રીરંગપટનામાં શરૂ કરવામાં આવશે.

કર્ણાટકમાં હાલમાં કોંગ્રેસની સરકાર ચૂંટાઈ આવી છે. કેન્દ્ર સરકાર બિહાર, બંગાળ અને મહારાષ્ટ્રમાં નાગપુરમાં આવી જ યુનિવર્સિટી શરૂ કરશે. સુખદેવ થોરાટ કમિટીએ એવો અભિપ્રાય આપ્યો હતો કે ધાર્મિક લઘુમતિઓ માટે સેન્ટ્રલ યુનિવર્સિટી સંસદ મારફતે બનાવી શકાય છે. ધાર્મિક ક્વોટાના મામલે કાયદાકીય લડાઈના અનુસંધાનમાં નવા પડકાર ઉભા થઈ શકે છે તેવી દહેશતને આ સમિતિએ ફગાવી દીધી હતી. લઘુમતિઓને પ્રોત્સાહન આપવામાં પછાત પરિબળને ટેકો આપવાના હેતુસર કેન્દ્ર સરકાર ક્રિમિલેયર રજુ કરી શકે છે. સૂત્રોની દલીલ છે કે લઘુમતિઓ માટે યુનિવર્સિટીની યોજના લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવી છે. એએમયુ અને જામિયા મિલિયાના માઈનોરિટી કરેકટર અંગે વિવાદના સંબંધમાં કાયદાકીય ગુંચ રહેલી છે.

## કોંગ્રેસ કોર ગ્રુપની બેઠકમાં ફુડ સિક્યુરીટી મુદ્દો છવાયો

નવી દિલ્હી,તા. ૧

સંસદનું ખાસ સત્ર બોલાવવાની હિલચાલ ચાલી રહી છે ત્યારે કોંગ્રેસના ટોચના નેતાઓએ આજે ફુડ સિક્યુરીટી બિલના મામલે ચર્ચા વિચારણા હાથ ધરી હતી. વિરોધ પક્ષો સહકારના મુડમાં દેખાઈ રહ્યા નથી ત્યારે યુપીએના મહત્વકાંક્ષી ફુડ સિક્યુરીટી બિલ આડેની અડચણો દૂર કરવાનો મુદ્દો છવાયેલો રહ્યો હતો. પ્રમુખ સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ કોર કમિટીની બેઠક યોજાઈ હતી જે ત્રણ કલાક સુધી ચાલી હતી. આમાં મનમોહનસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. પક્ષના ટોચના નેતાઓએ ખાસ સત્ર બોલાવવા અથવા તો વટહુકમ રૂટ મારફતે બિલ રજુ કરવાના પાસા પર ચર્ચા કરી હતી. કયા વિકલ્પો રહેલા છે તે તમામ વિકલ્પો ચર્ચાયા હતા. ફુડ સિક્યુરીટી બિલ અને જમની અધિગ્રહણ બિલ અંગે કોંગ્રેસના ગેઈમ ચેન્જર તરીકે જોવામાં આવે છે. લોકસભાની ચૂંટણી પહેલા આ બે લોકપ્રિય પાસાઓને અજમાવી લેવા કોંગ્રેસ ધરાવે છે. તેલગાણાનો મુદ્દો ફરી કોંગ્રેસને સતાવી રહ્યો છે. કોંગ્રેસ કોરગ્રુપની બેઠક આંધ્રપ્રદેશમાં રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. અહીંથી બે સાંસદો અને વરિષ્ઠનેતા કેશવરાવ કોંગ્રેસ સાથે છેડો ફાડીને તેલંગાણા રાષ્ટ્રીય સમિતિમાં જોડાઈ ચુક્યા છે. આંધ્રપ્રદેશમાં અલગ રાજ્યનો જટિલ મામલો લાંબા સમયથી પક્ષને હેરાન કરી રહ્યો છે. તેલંગાણાની માંગ મુદ્દે રાજ્યે ધાર્મિક આધાર પર વિભાજિત છે. મિટિંગમાં ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ બસ્તરમાં કરાયેલા માઓવાદી હુમલા અંગે માહિતી આપી હતી. ફુડ સિક્યુરિટી બિલ મામલે પણ કેટલીક તીવ્ર રજુઆત કરાઈ હતી. મનમોહનસિંહે સંસદમાં રચનાત્મક ભૂમિકા નહીં ભજવવાની વિપક્ષ પર ગઈકાલે જ આક્ષેપ કર્યો હતો.

## કેરળમાં મોનસૂનની સમયસર એન્ટ્રી

નવી દિલ્હી,તા. ૧

દેશની કૃષિ આધારિત અર્થવ્યવસ્થા માટે ખૂબજ મહત્વપૂર્ણ ગણાતા દક્ષિણ પશ્ચિમ મોનસૂને આજે કેરળમાં એન્ટ્રી કરી હતી. આની સાથે જ ખેડૂતોમાં અને સામાન્ય લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. મોનસૂનની એન્ટ્રી સાથે જોરદાર વરસાદ તૂટી પડ્યો હતો. હવામાન વિભાગે કબૂલાત કરતા કહ્યુ છે કે આ વર્ષે કેરળમાં સમયસર મોનસૂનની એન્ટ્રી થઈ ગઈ છે. સૂત્રોનું એમ પણ કહેવું છે કે કેરળના મોટા ભાગના વિસ્તારો અને લક્ષ્ય દ્વિપમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ થઈ રહ્યો છે. રાજ્યના કન્નોર વિસ્તારમાં સૌથી વધારે ૨૯ સેમી વરસાદ નોંધાયો છે. જ્યારે અન્ય ૧૭ જગ્યાઓ પર સાત મિમિ જેટલો વરસાદ નોંધાયો છે. આ વર્ષે મોનસૂનની સમયસર એન્ટ્રી થતા ખરિફ પાકના ઉત્પાદનમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

કેરળ પહોંચ્યા બાદ મોનસૂન ધીમે ધીમે જુલાઈ સુધી સમગ્ર દેશમાં પહોંચી જાય છે. દેશમાં મોનસૂનની



એન્ટ્રી માટે સામાન્ય તારીખ પહેલી જૂન ગણવામાં આવે છે. ગયા વર્ષે કેરળમાં પાંચમી જૂનના દિવસે મોનસૂનની એન્ટ્રી થઈ હતી. હવામાન વિભાગે એપ્રિલમાં કહ્યુ હતુ કે આ વર્ષે ૯૮ ટકા વરસાદ થઈ શકે છે. વરસાદના ચાર મહિનાનો ગાળો ખરીફ પાક જેમ કે ચોખા, સોયાબિન, મકાઈ અને કપાસ માટે ખૂબ મહત્વપૂર્ણ હોય છે. દેશમાં આશરે ૬૦ ટકા કૃષિ આધારિત જામીનમાં સિંચાઈ વરસાદના ગાળામાં થાય છે.

દક્ષિણ પશ્ચિમ મોનસૂન આગળ વધીને સમગ્ર દક્ષિણ અરબિયન દરિયામાં, મધ્ય અરબિયન દરિયાના કેટલાક ભાગો, સમગ્ર કેરળ, કર્ણાટકના આંતરિક ભાગો, તમિળનાડુના ભાગો અને દક્ષિણ પશ્ચિમ ભાગોમાં આગળ વધી રહ્યુ છે. પરિસ્થિતિ ખૂબજ તરફેણ વાળી દેખાઈ રહી છે. આગામી ૪૮ કલાક માટે આગાહી છે કે તમિળનાડુના કેટલાક ભાગોમાં પણ વરસાદ થશે. કૃષિ આધારિત અર્થતંત્ર માટે ખૂબજ સારા સમાચાર છે. કેરળમાં મોનસૂનની સમયસર એન્ટ્રી વેપારીઓ અને કારોબારીઓ તેમજ યુપીએ સરકાર માટે પણ સારા સંકેત સમાન છે.

**જેલમાં દરરોજ ૨૫ રૂપિયાની કમાણી**

## સંજય દત્તને પેપર બેગ બનાવવા ખાસ તાલીમ

પૂણે,તા. ૧

બોલિવુડ સ્ટાર સંજય દત્ત હાલમાં યેરવાડા સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહ્યો છે. સંજય દત્તને હાલાં પેપર બેગ બનાવવા માટેની તાલિમ આપવામાં આવી રહી છે. સંજય દત્તે દરરોજ ૨૫ રૂપિયા આના માટે મળી રહ્યા છે. ૪૨ મહિનાની જેલની સજા ભોગવવાના હેતુસર સંજય દત્ત હાલમાં જેલમાં છે. જેલમાં તેની બીજી અવધિના ભાગરૂપે સજા ભોગવવા તે પહોંચ્યો છે. જેલના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે આ અભિનેતાને હાઈ ક્વોલિટી વાળા પેપર બેગ બનાવવાની તાલિમ અપાઈ રહી છે. આની ક્ષમતા છથી આઠ કિલોની હોય છે. આવા બેગ બજારમાં પ્લાસ્ટિકની બેગની જગ્યાએ આવનાર છે.

સંજય દત્તને લેબર કામગીરી માટે ૨૫ રૂપિયા ચૂકવવામાં આવી રહ્યા છે જો કે તેની કુશળતા અને અસરકારકતા પર આ બાબત આધારિત રહેશે. ધીમે ધીમે સંજય દત્તની આવક વધશે અને આ આવક ૪૦ રૂપિયા સુધી જશે. સુરક્ષા ચિંતાના અનુસંધાનમાં સંજય દત્તને મહત્તમ કામ ઈનડોર આપવામાં આવી રહ્યુ છે. સંજય દત્તે જેલમાં કઠોર પરિશ્રમ વાળા કામની માંગ કરી હતી અને રજુઆત કરી હતી કે આવા કામથી તે વધારે ફીટ રહી શકે છે પરંતુ સુરક્ષા અધિકારીઓએ તેની આ શરત માની ન હતી.

## સમાચાર ઝલક

- ક્રિકેટને રાજનીતિથી મુકત રાખવી જોઇએ : મનમોનહસિંહજી
- ચીનમાં ત્યજી દેવાયેલા બાળકો દત્તક લેવા ફુટબોલરો આગળ આવ્યા.
- તા. ૧ અને ૨ જૂને તીથલ ખાતે તીથલ બીચ ફેસ્ટિવલ યોજાશે.
- સૂરતમાં એક વર્ષમાં ૩૦ નવજાત શિશુઓ તરછોડી દેવાયા...
- ગેસ સબસીડી બુકિંગના ૩-૪ દિવસ બાદ બેંક ખાતામાં જમા થશે.
- બાવળામાં એક જ કુટુંબના પાંચ સભ્યોનો સામુહિક આત્મહત્યા કરવાનો પ્રયાસ, બાળકનું મૌત.
- સંજયદત્તને જેલમાં નિંદ્રા આવતી નથી, સખત પરિશ્રમ વાળુ કામ આપવા રજૂઆત.
- બીએસએનએલ લેન્ડલાઇન-બ્રોડબેન્ડ ગ્રાહકો માટે પ્રારંભ કરે છે લોયલ્ટી સ્કીમ...
- ઇન્ફોસીસના નારાયણમૂર્તિ પાંચ વર્ષનાં કાર્યકાળમાં પુત્રને મદદ કર્તા રહેશે.
- અમદાવાદમાં પીવાના પાણી મુદ્દે અસારવા કોર્પોરેટરનો ઘેરાવ કર્યો.
- રવિવારથી કેરળમાં ચોમાસું બેસસે તેવી હવામાન ખાતાની આગાહી.
- મુળી તાલુકાના એક ગામમાં અનુસુચિત જાતિનાં ઇસમને જીવતો સળગાવી દેવામાં આવ્યો.
- મેચ ફિક્સીંગનાં બુકીઓનાં રિમાન્ડ ૬ઠ્ઠી જૂન સુધી લંબાવાયા.
- સોમવારે લોકસભાનું ખાસ સત્ર ખાદ્ય સુરક્ષા બીલ માટે બોલાવવાની શક્યતા.
- હવે કુવૈતમાં ભારતીયો પર તવાઇ, તે દેશનું અર્થતંત્ર અસ્થિર છે, તેવો અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય.
- શ્રીનિવાસનની વિદાય માટે બીસીસીઆઇમાં ભારે અજંપાભરી સ્થિતિ.
- કનોજમાં માત્ર ૩૦ રૂપિયા માટે માસૂમ બાળકની હત્યા ?
- અમેરિકામાં ફરીથી ચક્રવાતી વાવાઝોડું આવવાની આગાહી...
- વસ્ત્રાપુરમાં ૪ કારના કાચ તોડીને ચોરી કરી.

## છત્તીસગઢ હુમલામાં ઘાયલ વધુ એકનું મોત

રાયપુર,તા. ૧

છત્તીસગઢના બસ્તરમાં નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ઘાયલ થયેલા વધુ એકનું મોત થયુ હતુ. આની સાથે જ આ હત્યાકાંડમાં મોતનો આંકડો વધીને ૨૮ પર પહોંચ્યો છે. કરપીણ રીતે જેમની હત્યા કરવામાં આવી હતી તે કોંગ્રેસના વરિષ્ઠનેતા મહેન્દ્ર કર્માના પીએસઓનું આજે મોત થયુ હતુ.

પીએસઓ સિયારામ સિંહને ગોળીબાર દરમિયાન ગંભીર પ્રકારની ઈજા થઈ હતી. આજે વહેલી સવારે શરીરના ઘણા ભાગો કામ કરવાનું બંધ કરી દેતા તેમનું મોત થયુ હતુ. રામકૃષ્ણન કેર હોસ્પિટલમાં તબીબ સંદીપ દવે દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. સિંહને ગંભીર ઈજા થઈ હતી. તેમના શરીરમાં ઈન્ફેક્સનની અસર થઈ હતી. હોસ્પિટલમાં હજુ પણ ૧૦થી વધુ લોકો સારવાર હેઠળ છે. છત્તીસગઢમાં આ હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો હતો. આ હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા હતા.

## કેન્દ્રીય કેબિનેટની ફેર રચનાની તૈયારી શરૂ

નવી દિલ્હી,તા. ૧

વડાપ્રધાન મનમોહનસિંહે કેન્દ્રીય કેબિનેટની ફેર રચના કરવાનો સંકેત આપી દીધા બાદ કોંગ્રેસ પક્ષની અંદર રહેલા નેતાઓ પ્રધાનપદ મેળવવા જોરદાર લોબી ચલાવવાની પ્રક્રિયામાં લાગી ગયા છે. યુપીએ સરકારના છેલ્લા વર્ષમાં પ્રધાનપદ મેળવવા પ્રયાસો હાથ ધરાયા છે. મળેલી માહિતી મુજબ વડાપ્રધાન ૧૪ કેબિનેટ ભરવાની તૈયારીમાં છે. વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી પહેલા અંતિમ કેન્દ્રીય વિસ્તરણ આ હોઈ શકે છે. થાઈલેન્ડ અને જાપાનના પ્રવાસથી પરત ફરતી વેળા વડાપ્રધાને કેબિનેટની ફેર રચના કરવાનો સંકેત આપ્યો હતો. સિંહે કહ્યું હતું કે કેટલીક જગ્યાઓ ભરવામાં આવનાર છે. આ જગ્યાઓ ભરવાનો વિચારણા હેઠળ છે. સિંહે એમ પણ કહ્યું છે કે ટૂંક સમયમાં જ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આંતરિક ચર્ચા ચાલી રહી છે. ઘણા કૌભાંડોના કારણે હાલમાં સરકારની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે જેથી મનમોહનસિંહ ખૂબ જ સાવધાનીપૂર્વક કેબિનેટની વિસ્તરણની પ્રક્રિયા હાથ ધરનાર છે. યુપીએના સાથી પક્ષોને પણ ખુશ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. કોંગ્રેસ ૧૪ નવા ચહેરાઓને તક આપવાની માંગ કરી ચૂકી છે પરંતુ એમ માનવામાં આવે છે કે ૧૪ જગ્યાઓ પૈકી કોંગ્રેસના સભ્યોને ઓછી જગ્યાઓ મળશે. કેટલાક પ્રધાનો પાસે હાલમાં વધારાના હવાલા છે. પાંચ કેબિનેટ પ્રધાનો, ત્રણ રાજ્ય પ્રધાનો અને છ અન્ય પ્રધાનોની જગ્યા ભરવામાં આવનાર છે. રાહુલ ગાંધી સંસ્થાકીય કામ માટે કેટલાક પ્રધાનોની પસંદગી કરી રહ્યા છે જેથી વધુ જગ્યાઓ ખાલી થશે. મનમોહનસિંહ હાલમાં ૭૦ સભ્યોના પ્રધાન મંડળનું નેતૃત્વ કરી રહ્યા છે.

ટેલિકોમ પ્રધાન કપીલ સિબ્બલ કાયદા અને ન્યાયનો વધારાનો હવાલો સંભાળી રહ્યા છે જ્યારે માર્ગ પરિવહન પ્રધાન સી પી જોષી રેલવેનો વધારાનો હવાલો ધરાવે છે. આવી જ રીતે આનંદ શર્મા વાણિજ્ય અને ટેક્સટાઈલના બે ખાતા ધરાવે છે. કિશોરચંદ્ર દેવ આદિવાસી બાબતો અને પંચાયતના બે ખાતા ધરાવે છે. કમલનાથ શહેરી વિકાસ અને સંસદીય બાબતોનો હવાલો ધરાવે છે. જીતેન્દ્રસિંહ યુવા બાબતો અને રમત ગમતનો હવાલો ધરાવે છે. ચાર રાજ્ય પ્રધાનો પાસે જુદા જુદા ખાતાઓ રહેલા છે.

**વાત કાનૂન કાયદાની** (પાના નં. ૪ નું ચાલુ)

જયારે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજય જાહેર માહિતી અધિકારી પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ સમયમાં માહિતી માટેની વિનંતી પર, નિર્ણય લેવામાં નિષ્ફળ જાય ત્યારે જે તે કિસ્સા પ્રમાણે કેન્દ્રિય જાહેર માહિતી અધિકારી કે રાજય માહિતી અધિકારીએ કોઇ વિનંતી આપવાનો ઇન્કાર કર્યાનું ગણવામાં આવે છે. અને આવી માહિતી આપવાનો ઇન્કાર કરવા બદલ લોકાયુકત અગર તો સક્ષમ કોર્ટ આવા અધિકારી સામે પગલાં લઇ દંડ અને સજા બંને ફરમાવી શકે છે.

બોર્ડ કે યુનિવર્સિટીમાં સેમિસ્ટર પ્રથા દાખલ થયા પછી અનેક પ્રકારના છબરડા અને ગોટાળા બહાર આવતા રહે છે. ખરાબ પરિણામના કારણે હતાશ થતા વિદ્યાર્થીઓ મોટા ભાગે રિચેકીંગ કે રી એસાઇનમેન્ટ કરાવતા હોય છે. જેમાં સત્તાવાળાઓ બીબાઢાળ જવાબ 'પરિણમમાં કોઇ જ ફેરફાર નથી' તેવું લખીને મોકલી આપતા હોય છે. આમ રીચેકિંગ કે રીએસેસમેન્ટ પાછળ લાખો રૂપિયા ખર્ચીને પણ વિદ્યાર્થીઓને ન્યાય મળતો નથી. પરંતુ હવે વિદ્યારથીઓ આર.ટી.આઇ. કાયદા હેઠળ ચકાસણી થઇ હોય તેવી ઉત્તરવહીઓની પ્રમાણિત નકલ માંગી ન્યાય મેળવી શકે છે.

## બિલગેટ્સ આમિર ખાનને મળવા માટે ખૂબ જ ઈચ્છુક

મુંબઈ,તા. ૧

બોલિવૂડ સ્ટાર આમિર ખાનની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી છે. વિદેશીઓમાં પણ આમિર ખાનનું આકર્ષણ વધી રહ્યું છે. દુનિયાના સૌથી આમિર વ્યક્તિ બિલગેટ્સ પણ આમિર ખાનના મોટા ચાહક બની ગયા છે. માઈક્રોસોફટના ચેરમેન બિલગેટ્સે પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે તેઓ બોલિવૂડના સુપર સ્ટાર આમિર ખાનને મળવાની ઈચ્છા ધરાવે છે. બિલગેટ્સે લખ્યું છે કે તેઓ સામાજિક કાર્યો સાથે પણ જોડાયેલા આમિર ખાનને મળવાની ખૂબ ઈચ્છા ધરાવે છે. બાળકોના પોષણ માટે ચાલતા કાર્યક્રમોમાં પણ આમિર ખાન યુનિસેફ સાથે જોડાઈ ચૂક્યો છે. યુનિસેફ એમ્બેસેડર તરીકે આમિર ખાન કામ કરી રહ્યો છે. બિલગેટ્સનું કહેવું છે કે ભારતની મૂળભૂત સમસ્યાઓ ઉપર આધારિત આમિર ખાનના લોકપ્રિય શો સત્યમેવ જયતેની લોકપ્રિયતા અંગે પણ વાત સાંભળી છે. આ શોને પણ સારી પ્રતિક્રિયા મળી રહી છે.આ ટીવી શો મારફતે આમિર ખાને ખૂબ જ ગંભીર મુદ્દા ઉઠાવ્યા હતા. બિલગેટ્સનું કહેવું છે કે જો આમિરખાન તેમને કેટલાક ડાન્સના સ્ટેપ બતાવશે તો વધારે ખુશી થશે. આમિર ખાને સત્યમેવ જયતે મારફતે ટીવી શોની પણ શરૂઆત કરી હતી. ગયા વર્ષે રજૂ કરવામાં આવ્યા બાદ આ કાર્યક્રમને ભારે સફળતા મળી હતી. આમિર ખાને પોતાના શો મારફતે ભ્રૂણહત્યા, દહેજ પ્રથા, બાળકો પર અત્યાચાર સાથે સંબંધિત મામલાને જોરદાર રીતે ઉઠાવ્યા હતા. આમિર ખાનના શોને જોનાર લોકોની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી હતી. બોલિવૂડના તમામ લોકોએ પણ આ શોની નોંધ લઈને શોને રજૂ કરવાની આમિર ખાનની રીતની પ્રશંસા કરી હતી. ફરી એકવાર સત્યમેવ જયતે શોનો બીજો ભાગ હવે શરૂ થનાર છે.

**આતમ ગોષ્ઠી** (પાના નં. ૪ નું ચાલુ)

૩૦. ૐ ઉત્વમસિ !

અને.... આ - સંવાદ પછી ધ્યાનની ક્ષણોમાં મેં મારી અંદર તથા મારી ચારે બાજુ એક ચૈતન્ય સત્તાનો અનુભવ કર્યો અને આનંદમાં ઓચ્છવ સાથે મેં મહામંત્ર સાંભળ્યો તથા ફરીથી ઉચ્ચારણ કર્યુ, ૐ તત ત્વમ અસિ, ૐ તત ત્વમ અસિ ! તારી શક્તિ અનંત છે. ઉઠો, જાગો અને જયાં સુધી કે લક્ષ્ય પ્રાપ્ત ન થાય, રોકાયો નહી તમે છો, તમે બ્રહ્મ છો, તમે રામ છો, તમે રહીમ છો...

ૐ તત સત!!